RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૪૫૭ તા.૧૨–૧૨–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી રમેશચંદ્ર આઈ.ગોરસાવાળા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)
વીજીલન્સ એન્ડ ઈન્સ્પે.ઓફિસર અને જાહેર માહિતી અધિકારી(વીજીલન્સ વિ.)

## ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશચંદ્ર આઈ.ગોરસાવાળાની તા. ૨૦–૧૦–૧૧ નીઅરજીથી સેન્ટ્રલઝોન વોર્ડ નં.૪/૩૬ ખાતેના મંજુર પ્લાન વિરૂધ્ધ બાંધકામ બાબતે તેમની તા.૧૯–૪–૧૧, ૪,૭–૫–૧૧, ૨૩–૬–૧૧,૧૨–૮–૧૧ તથા ૧૭–૯–૧૧ થી કરેલ રજુઆત બાબતે માંગવામાં આવેલ ૧ થી ૧૪ મુદ્દાની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૨–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૫૭/૨૦૧૧–૧૨

શ્રી રમેશચંદ્ર આઈ.ગોરસાવાળાની તા. ૨૦–૧૦–૧૧ની અરજીથી સેન્ટ્રલઝોન વોર્ડ નં.૪/૩૬ ખાતેના મંજુર પ્લાન વિરૂધ્ધ બાંધકામ બાબતે તેમની તા.૧૯–૪–૧૧, ૪,૭–૫–૧૧, ૨૩–૬–૧૧,૧૨–૮–૧૧ તથા ૧૭–૯–૧૧ થી કરેલ રજુઆત બાબતે માંગવામાં આવેલ ૧ થી ૧૪ મુદ્દાની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આઉટ નં./૧૫૪૯ તા. ૧૯–૧૧–૧૧,પત્ર નં.સીઝેડ/ આરટીઆઈ/ આઉટ નં./૧૫૭૧ તા. ૨૩–૧૧–૧૧તથા વીજીલન્સ એન્ડ ઈન્સ્પે.ઓફિસર અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. વી.આઈ.ડી/ ૧૫૭૭ તા. ૧૫–૧૧–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૨–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતી અંગે દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા તથા અરજદારની વિવિધ અરજીઓ અંગે થયેલ–નહીં થયેલ કાર્યવાહીની વિગત પણ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૭૫ તા.૧૭–૧૨–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) વીજીલન્સ એન્ડ ઈન્સ્પે.ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (વીજીલન્સ વિ.) તથા અરજદારને મુળ અરજીથી માંગેલ માહિતી–ફી ભર્યાની વિગત જણાવેલ ન હોઈ તે રજૂ કરવા તથા મળેલ માહિતીની નારાજગી અંગે મુદ્દાવાર–જાહેર માહિતી અધિકારીવાર આધાર સહ વિગતો સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વીજીલન્સના પત્ર નં.વી.આઈ.ડી./૧૮૦૫ તા.૨૩–૧૨–૧૧ થી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન /આરટીઆઈ/જાવક/૧૩૪૯ તા.૨૧–૧૦–૧૧ થી જાહેર માહિતી અધિકારી વિજીલન્સને સમય અવધિમાં તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી વિજીલન્સે પત્ર નં.વી.આઈ.ડી./આ/૧૪૯૪ તા.૨૫–૧૦–૧૧ થી કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનને ૧ થી ૧૩ મુદ્દા માટે તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને પત્ર નં.વી.આઈ.ડી./આ/૧૫૭૭ તા.૧૫–૧૧–૧૧ થી સમય અવધિમાં આપેલ માહિતીના પત્રની નકલ, અરજદારે તા.૧૯–૪–૧૧ ના રોજ કરેલ અરજીની નકલ , મિલ્કતના ફોટોગ્રાફની નકલ, પત્ર નં.વી.આઈ.ડી. / ૧૬૮ તા.૨૫–૪–૧૧ થી કાર્યપાલક ઈજનેર ને લખેલ પત્રની નકલ, અરજદારે તા.૪/૭–૫–૧૧ થી કરેલ અરજીની નકલ, નં.સી.ઝેડ/ એન્જી./ આ/૪૫૬ તા.૧૦–૫–૧૧ થી કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોન તરફથી મનાઈ હુકમ તેમજ કારણદર્શક નોટીસ મિલ્કતદારને આપેલ તેની જાણ કરતા પત્રની નકલ, પત્ર નં.સી.ઝેડ/આ./૫૬ તા.૭–૬–૧૦ થી બાંધકામની મંજુરી આપેલ પત્રની નકલ, પત્ર નં.સે.ઝોન./એન્જી./આ./૨૮૭ તા.૨૮–૪–૧૧ થી મિલ્કતદારને બાંધકામ બાબતે આપેલ મનાઈ હુકમ ની નકલ, પત્ર નં.સે.ઝોન./ એન્જી./ આ./૨૮૮ તા.૨૮–૪–૧૧થી મિલ્કતદારને બાંધકામ બાબતે આપેલ નોટીસની નકલ, મિલ્કતદારે તા.૪–૫–૧૧ થી કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનને લખેલ પત્રની નકલ, તા.૧૨–૫–૧૧ થી મિલ્કતદારે બાંધકામ બાબતે મ્યુ.કમિશ્નરશ્રી સામે કરેલ દીવાની મુકદમાની નકલ, અરજદારે તા.૧૨–૮–૧૧ ના રોજ કરેલ અરજીની નકલ, અરજદારે તા.૧૭–૯–૧૧ ના રોજ મ્યુ. કમિશ્નરશ્રીને કરેલ અરજીની નકલ, અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને પત્ર નં.સે.ઝોન./આરટીઆઈ/૧૫૪૯ તા.૧૯–૧૧–૧૧ થી આપેલ માહિતી ના પત્રની નકલ, અરજદાર ને પત્ર નં.સે.ઝોન./આરટીઆઈ/૧૫૭૧ તા.૨૩–૧૧–૧૧ થી આપેલ માહિતી ના પત્રની નકલ, અરજદારને વીજીલન્સ વિ.ના પત્ર નં.વી.આઈ.ડી./આ/૧૫૭૭ તા.૧૫–૧૧–૧૧ થી આપેલ માહિતીના પત્રની નકલ, અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૦–૧૦–૧૧ની અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોનને કરવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૩૪૯ તા.૨૧–૧૦–૧૧ થી જાહેર માહિતી અધિકારી વિજીલન્સને સમય અવધિમાં તબદીલ કરેલ. જેમાં જાહેર માહિતી અધિકારી વિજીલન્સે પત્ર

નં.વી.આઈ.ડી./આ/૧૪૯૪ તા.૨૫–૧૦–૧૧ થી કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનને ૧ થી ૧૩ મુદ્દા માટે તબદીલ કરેલ. અરજદારે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) ના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આઉટ નં./૧૫૪૯ તા. ૧૯–૧૧–૧૧,પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/આઉટ નં./૧૫૭૧ તા. ૨૩–૧૧–૧૧તથા વીજીલન્સ એન્ડ ઈન્સ્પે.ઓફિસર અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. વી.આઈ.ડી/૧૫૭૭ તા. ૧૫–૧૧–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૨–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જે બાબતે અરજદારે અરજીમાં મુદ્દા નં.(૧) ૪/૩૬ વાળી મિલ્કતે મંજુર/ રીવાઈઝડ પ્લાનમાં આગળ– પાછળ કેટલા ફુટ માર્જીનની જગ્યા છોડવામાં આવેલ છે ? અને સ્થળ ઉપર ઉપરોકત માર્જીનની જગ્યા છોડવામાં આવેલ છે ખરી? જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી ૪/૩૬ વાળી મિલકતે મંજુર/ રીવાઈઝડ પ્લાનમાં આગળ–પાછળ ૧.૫૨ મી. માર્જીનની જગ્યા છોડવામાં આવેલ છે. સ્થળ પર પ્રથમ માળ થી ચોથા માળ સુધી સદર માર્જીનવાળી જગ્યામાં પ્રોજેકશન કાઢી કવર્ડ કરવામાં આવેલ છે. તેવું સમય અવધિ બાદ જણાવેલ. મુદ્દા નં.(૨) સદરહુ મિલકતને અસરકર્તા એલાઈમેન્ટ કેટલું છે? તે છોડવામાં આવેલ છે ખરૂ? જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સદરહુ મિલકતની પશ્ચિમે ૪૦' ફુટની મંજુર લાઈનદોરી પૈકી ૨' ની અસર મંજુર પ્લાનમાં છોડવામાં આવેલ છે. જે સ્થળ પર છોડવામાં આવેલ છે. તેવુ સમય અવધિ બાદ જણાવેલ. મુદ્દા નં.(૩) મંજુર પ્લાનમાં ગ્રાઉન્ડ ફલોર પર કેટલા બાય કેટલા ફુટની દુકાન મંજુર કરવામાં આવી છે? અને સ્થળ ઉપર કેટલા બાય કેટલા ફુટની દુકાનો છે? મંજુર પ્લાનમાં ગ્રાઉન્ડ ફલોર પર ૨.૯૮ × ૩.૦૮ મી. ની દુકાન મંજુર કરવામાં આવી છે. આકારણી વિભાગના રેકર્ડ મુજબ ગ્રા.ફલોર પર ૨૮'.૦'' × ૧૨'.૦'' અને ૯'.૦'' × ૭'.૦'' ગોડાઉન તરીકે નોંધાયેલ છે. તેવુ જણાવેલ છે. મુદ્દા નં.(૪) સદરહુ મિલકતના પાર્કીગ માટે કેટલી જગ્યા મંજુર પ્લાનમાં દર્શાવવામાં આવે છે? અને સ્થળ પર કેટલા ફુટની જગ્યા છે? જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સદરહુ મિલકતના પાર્કીગ માટે ૪૩.૦૦ ચો.મી. જગ્યા મંજુર પ્લાનમાં દર્શાવવામાં આવેલ છે. આકારણી વિભાગનાં રેકર્ડ મુજબ ગ્રા.ફલોર પર ૩૬૪.૦૦ ચો.ફુટ પાર્કીગ (ગેરેજ) તરીકે નોંધાયેલ છે. મુદ્દા નં.(૫) સદરહુ મિલકતમાં બેઝમેન્ટ કયા હેતુસર અને કેટલા બાય કેટલા ફુટનું મંજુર કરવામાં આવેલ છે? અને સ્થળ પર કેટલા બાય કેટલા ફુટનું છે? જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સદરહુ મિલકતમાં ૮.૬૦ મી. ×૨.૭૫ મી. બેઝમેન્ટ હાઉસ હોલ્ડ સ્ટોરેજ ના હેતુ માટે મંજુર કરવામાં આવેલ છે. સ્થળ પર ૧૪'.૦'' × ૪૫'.૦'' બેઝમેન્ટ હયાત છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૬) સદરહુ મિલકતમાં કેટલા માળનો પ્લાન મંજુર અને રીવાઈઝડ પ્લાનમાં મંજુર કરવામાં આવેલ છે અને સ્થળ પર હયાત કેટલા માળ જોવા મળે છે? જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સદરહુ મિલકતમાં ગ્રા.ફલોર અને ચાર માળનો પ્લાન મંજુર અને રીવાઈઝડ પ્લાનમાં બેઝમેન્ટ, ગ્રા.ફલોર અને ચાર માળનો પ્લાન મંજુર પ્લાનમાં મંજુર કરવામાં આવેલ છે. સ્થળ પર બેઝમેન્ટ, ગ્રા.ફલોર અને પાંચ માળ હયાત છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૭) સદરહુ મિલકતમાં મંજુર પ્લાન મુજબનું ઓટીએસ છોડવામાં આવેલ છે કે નહી? જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સદરહુ મિલકતમાં મંજુર પ્લાન મુજબનું ઓટીએસ છોડવામાં આવેલ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૮) સદરહુ મિલ્કતમાં ડ્રેનેજ પ્લાન મુકવામાં આવેલ છે ખરો? જો મુકવામાં આવેલ હોય તો તે અંગે કેટલા રૂપિયાની ફી વસુલ લઈ છે? કરી તારીખે ? કયા રસીદ નંબરથી જેના અનુસંધાને મ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથીપત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આઉટ/૧૫૭૧ તા.૨૩–૧૧–૧૧ થી ડ્રેનેજ પ્લાન મુકવામાં આવેલ નથી. તેવુ સમય અવધિ બાદ જણાવેલ છે. મુદ્દા નં.(૯) તા.૨૩–૬–૧૧ ના રોજ આપશ્રીને તેમજ જુનીયર ઈજનેરશ્રી વોર્ડ નં.૪– એ ન લેખિતમાં ગેરકાયદેસર ડ્રેનેજ કનેકશન દુર કરવા બાબતે લેખિત ફરીયાદ કરવામાં આવી હતી. તે અંગે આપશ્રી ધ્વારા કયા પ્રકારની કામગીરી કરવામાં આવી? આ ગેરકાયદેસર કનેકશન બાબતે મિલ્કતદાર પર તેમજ પ્લમ્બર પર શી કાર્યવાહી કરવામાં આવી છે તેની વિગતો જાણ આપવી. જેના અનુસંધાને મ.જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન તરફથી સદર બાબતે મિલ્કતદારને અત્રેની કચેરી પત્ર નં.સીઝેડ/એન્જી/આઉટ/૩૧૮ તા.૧૩–૭–૧૧ થી નોટીસ આપેલ છે. તેમજ ડ્રેનેજ કનેકશનને સીલ મારવામાં આવેલ છે. તેવુ સમય અવધિ બાદ જણાવેલ છે. મુદ્દા નં. (૧૦) સદરહુ મિલ્કત પર મિલકતદારે મહાનગરપાલિકા સામે કોઈ જાતની કોર્ટ કાર્યવાહી કરેલ છે ખરી? કયારે? કયાં પ્રકારની? આપશ્રીના સેન્ટ્રલ ઝોનના આ વોર્ડના જુનિયર ઈજનેર, ડે.ઈજનેર તેમજ ઝોનલ અધિકારીશ્રી એમ જણાવતાં હતા કે, કોર્ટ કાર્યવાહી હોય તે કારણોસર અમો પગલાં નથી લઈ શકતાં? તો શું કોર્ટ ધ્વારા મિલકતના ગેરકાયદેસર બાંધકામને દુર નહીં કરવા મનાઈ હુકમ આપવામાં આવેલ હતો? કયારે? કેટલા સમય માટેનો? જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન તરફથી સદર મિલ્કત રેગ્યુ.દિ.મુ.નં.૨૭૮/૧૧, તા.૧૩–૫–૧૧ થી મિલકતદારે સીવીલ કોર્ટમાં પીટીશન દાખલ કરેલ છે. કોર્ટ ધ્વારા મિલકતના ગેરકાયદેસર બાંધકામને દુર નહીં કરવા મનાઈ હુકમ આપવામાં આવેલ નથી. તેવુ જણાવેલ. મુદ્દા નં.(૧૧) તા.૧૯–૪–૧૧ થી ૧૭–૯–૧૧ સુધીમાં મારી લેખિત ફરીયાદના અનુસંધાને આપશ્રી ધ્વારા કે તાબા હેઠળના અધિકારી કર્મચારીઓ ધ્વારા કયા કયા પગલાઓ લીધા છે?કયારે કઈ રીતના? જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન તરફથી સદર મિલકતે બી.પી.એમ.સી. એકટની કલમ ૨૬૦(૧)/અ મુજબનો કારણદર્શક નોટીસ અને મનાઈ હુકમ અત્રેના પત્ર નં. સે.ઝોન/આ.નં.૨૮૭,૨૮૮ તા.૨૮–૪–૧૧ થી પાઠવવામાં આવેલ છે. તેવુ જણાવેલ છે. મુદ્દા નં.(૧૨) તા.૧૯–૪–૧૧ થી મારી લેખિત ફરીયાદ બાદ પણ આજ મિલકતમાં ખુબ જ મોટે પાયે ગેરકાયદેસર બાંધકામ થયેલ છે? આવા બાંધકામો સબબના ફોટાઓ રજુ કરેલ છે? તે છતાં આ જગ્યાએ બાંધકામ ચાલુ રહયું તો તેના માટે જવાબદાર કોણ? તેની સામે કયા પ્રકારની કામગીરી થઈ શકે? જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી ગેરકાયદેસર બાંધકામ બાબતે મિલકતદાર, આર્કી. એન્જી. તેમજ સુ.મ.ન.પા. નાં સંબંધિત જુ.ઈજનેર, ડે.ઈજનેર અને કાર્યપાલક ઈજનેરશ્રી ની જવાબદારી રહે છે. તેની સાથે બી.પી.એમ.સી. એકટ મુજબ કામગીરી થઈ શકે. તેવુ જણાવેલ. મુદ્દા નં.(૧૩) આપશ્રી સાથે સપ્ટેમ્બર માસમાં થયેલ ટેલીફોનીક વાત સમયે આપે જણાવેલ હતુ કે, આ મિલકતને આગળ–પાછળના ભાગેથી સીલ કરી દેવામાં આવેલ છે. તો ગેરકાયદેસર બાંધકામ દુર કર્યા વિના મિલકતમાં આવેલ દુકાનોના સીલો ખુલી ગયાં? દુકાનો ચાલુ થઈ ગઈ? કોના કહેવાથી? કયાં નિયમોનુસાર? શુંઆ કાયદેસરની પ્રક્રિયા છે? જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા ઉપલબ્ધ રેકર્ડ પર માંગ્યા મુજબની માહિતી હોવાનું જણાંતુ નથી. તેવુ જણાવેલ છે. મુદ્દા નં.(૧૪) સદરહુ મિલ્કતમાં થયેલ ગેરકાયદેસર બાંધકામ સબબ વિજીલન્સ વિભાગમાં મારી લેખિત ફરીયાદ અન્વયે કયાં પ્રકારના રીપોર્ટ ઝોન કે આપશ્રી પ્રતિ પઠવવામાં આવેલ છે તે અંગે આપશ્રી કે ઝોન ધ્વારા કયાં પ્રકારની કામગીરી કયારે અને કઈ રીતે કરવામાં આવી છે. જેના અનુસંધાને જાહેર માહિતી

અધિકારી વિજીલન્સના પત્ર નં.વી.આઈ.ડી./૧૫૭૭ તા.૧૫–૧૧–૧૧થી સેન્ટ્રલઝોનનાં વોર્ડ નં.૪ નોંધ નં.૩૬ ની મિલકતના બાંધકામની ફરિયાદ સંદર્ભે વિજીલન્સ વિભાગ ધ્વારા કરેલ તપાસમાં સેન્ટ્રલઝોનનાં પત્ર નં. સીઝેડ/એન્જી/આ./૪૫૬ તા.૧૦–૫–૧૧ માં જણાવ્યા મુજબ વોર્ડ નં.૪ નોંધ નં.૩૬ વાળી મિલકતમાં સે.ઝોન/આ./નં.૫૬ તા.૭–૬–૧૦ થી વિકાસ પરવાનગી આપવામાં આવેલ તેમજ સે.ઝોન/આ/નં.૨૭૫ તા.૧૮–૧–૧૧ થી રીવાઈઝડ પ્લાનની મંજુરી આપવામાં આવેલ. સદરહુ મિલકતમાં રીવાઈઝડ પ્લાનની મંજુરી વિરૂધ્ધ કરવામાં આવેલ બાંધકામ અન્વયે સેન્ટ્રલઝોન ધ્વારા અરજદાર/આકીટેકટશ્રીને સે.ઝોન/આ./૨૮૭,૨૮૮ તા.૨૮–૪–૧૧ થી મનાઈ હુકમ તેમજ કારણદર્શક નોટીસ આપવામાં આવેલ છે. તેવું સમય અવધિમાં જણાવેલ છે. અરજદારે અપીલ અરજીમાં માંગવામાં આવેલ માહિતી અન્વયે અમોને પુરી પાડવામાં આવેલ માહિતી અને સ્થળ પરની પરિસ્થિતિ જુદી જણાય રહી છે. સાથે સાથે માહિતીની સાથે વિવિધ નોટીસો અને પત્ર વ્યવહારની નકલો પણ માંગેલ હતી તે મને મળી નથી. જે અંગે મુળ અરજીનો સંદર્ભ કરતાં અરજદારે મુળ અરજીના પરીપ્રેક્ષમાં કોઈ નકલોની માંગણી કરેલ જણાતી નથી. તેમ છતાં અરજદારને અત્રેથી અપીલ તબકકે પત્ર પાઠવી મુળ અરજીથી માંગેલ માહિતી–ફી ભર્યાની વિગત જણાવેલ ન હોઈ તે રજૂ કરવા તથા મળેલ માહિતીની નારાજગી અંગે મુદ્દાવાર–જાહેર માહિતી અધિકારીવાર આધાર સહ વિગતો સ્પષ્ટ કરવા જણાવેલ. જે અંગે કોઈ વિગત અરજદાર ધ્વારા રજુ કરેલ નથી. કે તેમ કરવામાં સફળ રહેલ નથી.

અરજદારની મુળ અરજીમાં કે અપીલ તબકકેની સ્થળ તપાસ કરીને માહિતી આપવાનો આગ્રહ આરટીઆઈ કાયદાની કલમ ૨(એફ) તથા ૨(જે) ની જોગવાઈ સાથે સુસંગત નથી તેમ છતાં જાહેર માહિતી કક્ષાએથી મુદ્દા નં.૧૩ સિવાયની દફતરી માહિતી આપ્યાનું સ્પષ્ટ થાય છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૨૦–૧૦–૧૧ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પાડવામાં આવેલ હોઈ અપીલ અરજી અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો નથી. અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો મુદ્દા નં.૧૩ પુરતું લાગત ફાઈલની તપાસણી જાહેર માહિતી અધિકારીનો દિન–૭માં અગોતરો સમય મેળવી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે કરવા સ્વતંત્ર છે. અરજદારની તેવી માંગણી થયે હુકમની અમલવારી કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદી નકલોની માંગણી અંગે આરટીઆઈ એકટની જોગવાઈઓ અને નિયમો અનુસાર અલાયદી અરજી કરી માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) , વીજીલન્સ એન્ડ ઈન્સ્પે.ઓફિસર અને જાહેર માહિતી અધિકારી(વીજીલન્સ વિ.).....જાણ તથા અમલ માટે

(૨) શ્રી રમેશચંદ્ર આઈ.ગોરસાવાળા ,